***સ્પે.દિવાની મુકદમા નં. ૭૨/૨૦૦૦***

**<u>આંક : ૧ અને ૨૧૧ તળે સંયુકત લગત હુકમ.</u>**

(૧) હાલના દાવામાં જણાવ્યા મુજબ વાદી મેસર્સ અદાણી એકસપોર્ટ લીમીટેડ કંપની ઈન્ડીયન કંપનીઝ એકટ હેઠળ રજીસ્ટર્ડ કંપની છે. વાદી કંપની દરીયાઈ માર્ગે તેમજ હવાઈ માર્ગે જુદી જુદી ચીજોની આયાત નિકાસનો ધંધો કરે છે તેમજ સમગ્ર દેશમાંથી ઉત્પાદકો પાસેથી નિકાસ અર્થેનો માલ ખરીદી વ્યવસ્થા વગેરે કરે છે અને જુદી જુદી ફેકટરીઓએથી માલ પોર્ટ તરફ મોકલી આપી માલ તેની નિકાસના સ્થળે મોકલી આપે છે. પ્રતિવાદી ધી ઓરીયન્ટલ ઈન્સ્યોરન્સ કંપની લીમીટેડ ઈન્ડીયન કંપનીઝ એકટની જોગવાઈઓ હેઠળ રજીસ્ટર્ડ સરકારી કંપની છે અને ભારતીય બંધારણના આર્ટીકલ ૧૨ મુજબ તે ''રાજય'' છે. પ્રતિવાદી રીસ્ક ઈન્સ્યોરન્સનો વ્યવસાય કરે છે અને સમગ્ર ભારત અને વિદેશમાં કામકાજ કરે છે. વાદી આયાત નિકાસનું કામ કરતા હોઈ આયાત નિકાસ કરનારા કાર્ગોની સિકયોરીટી અને ઈન્સ્યોરન્સ માટે વાદીએ પ્રતિવાદી પાસેથી મરીન કાર્ગો ઓપન કવર બેરીંગ નં.૧૪૧૫૦૩/૨૧/૯૮/૦૨ તા. ૧૧/૯/૯૮ ના રોજનું તા. ૧૩/૯/૯૮ થી તારીખ ૧૨/૯/૯૮ માટેનું મેળવેલું. તા. ૯/૬/૯૮ ના રોજ કંડલા બંદર ખાતે વિનાશક વાવાઝોડું આવતા સીડી–રોમ નો માલ ભરેલ શીપમેન્ટનો નાશ થઈ ગયેલો અને આ માલ ઓપન કવર નોટની શરતો

મુજબ દાવા અરજીમાં જણાવેલ વિગતે ગાઝીયાબાદથી ડીસ્પેચ થયા તારીખથી આ માલ ઈન્સ્યોર્ડ થયેલો હોઈ વાદી કંપની પ્રતિવાદી કંપની પાસેથી નૂકશાન વળતર મેળવવા હકકદાર હોવાનું જણાવી રૂપિયા પર,૮૭,૦૦,૦૦૦/– ની રીકવરી માટે હાલનો દાવો કરેલો છે અને આ વિવાદ કોમર્શીયલ પ્રકારનો હોઈ ધી કોમર્શીયલ કોર્ટ એકટ ૨૦૧૫ ની કલમ ૨(સી) હેઠળ હાલનો દાવો કોમર્શીયલ કોર્ટમાં ટ્રાન્સફર કરવા હાલની અરજી આપવામાં આવેલી છે જે અરજી વંચાણે લીધી.

(૨) ઉપરોકત પ્રમાણેની હાલની અરજી, પક્ષકારો તરફેની રજુઆત તથા કેસનું રેકર્ડ ધ્યાને લીધા. હાલની દાવા અરજી તથા દસ્તાવેજો ધ્યાને લેતા હાલનો દાવો રૂપિયા પર,૮૭,૦૦,૦૦૦/– ના નુકશાન વળતર માટેનો દાવો છે. માલના આયાત નિકાસનો ધંધો કરતી વાદી કંપનીએ સદરહુ આયાત–નિકાસ થતા માલના કાર્ગોની સલામતી માટે વાદીએ દાવામાં જણાવેલ વિગતો વાળી પ્રતિવી કંપની પાસેથી ઈન્સ્યોરન્સ પોલીસી લીધેલી અને દાવા અરજીમાં જણાવેલ હકીકતોએ પ્રતિવાદી આ ઈન્સ્યોરન્સ પોલીસી હેઠળની નુકશાન વળતરની રકમ ચુકવવા જવાબદાર છે તેવી દાવા અરજીની હકીકતો છે. જે દાવામાં જણાવેલ વ્યવહાર મર્કેન્ટાઈલ ડોકયુમેન્ટ આધારીત, ઈન્સ્યોરન્સના વ્યવહારમાંથી ઉદભવેલ રૂપિયા ૩,૦૦,૦૦૦/– થી વધારે ની રકમનો વિવાદ છે. જે હકીકતો જોતાં આયાત–નિર્યાત સંબંધીત વાણિજય

દસ્તાવેજમાંથી ઉદભવેલ ઈન્સ્યોરન્સ સંદર્ભેનો વિવાદ છે જે વિવાદ ધી કોમર્શીયલ કોર્ટ એકટ કલમ–ર માં ઠરાવ્યા મુજબનો કોમર્શીયલ ડીસ્પુટ છે જેથી અત્રેની સીવીલ કોર્ટને આ પ્રકારનો દાવો ચલાવવાની અને દાવાની ઈન્સાફી કાર્યવાહી કરવાની હકુમત નથી તે સ્પષ્ટ છે. જેથી હાલનો દાવો ઈન્સાફી કાર્યવાહી માટે ધી કોમર્શીયલ કોર્ટને ટ્રાન્સફર કરવાનો રહેતો હોઈ નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

- વાદીની હાલની અરજી મંજુર કરવામાં આવે છે.
- હાલનો દાવો કોમર્શીયલ ડીસ્પુટ પ્રકારનો હોઈ, અત્રેની કોર્ટને હાલનો દાવો ચલાવવાની હકુમત ન હોઈ દાવાનુ સમગ્ર રેકર્ડ હકુમત ધરાવતી કોમર્શીયલ કોર્ટ તરફ મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા : ૦૧ લી, માહે : ઓગસ્ટ, સને : ૨૦૨૪ ના ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ :–૦૧/૦૮/૨૦૨૪.
સ્થળ :–ગાંધીધામ–કચ્છ.

**(પરાગી કૃષ્ણકુમાર વ્યાસ)**
ચોથા અધિક સિનિયર સિવિલ જજ
ગાંધીધામ–કચ્છ.
Code G.J.00643

***//D.D.CHAUDHARI***
***GUJ.STENO//***